અગત્યનું

જા.નં.નિ અને અસ./અષણ-૫/૭૯૩ /૨૦૧૫
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારખાતુ , ગુ.રા., ચોથેમાળ,
કૃષિભવન, પાલડી,અમદાવાદ.
ફોન.નં-૨૬૫૭૭૩૯૧,ફેક્સ- ૨૬૫૭૭૩૯૨
Email : exoff –agri- and @gujarat.gov.in
તા.13/૭/૧૫

વિષય- દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ઓડીટ બાબતે દૂધના જથ્થાની ચકાસણી બાબત

પરિપત્ર:-

આપ સર્વેને સુવિદિત છે કે દૂધ ઉત્પાદક સહકારી મંડળી તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની નોંધણી વખતે તેના મંજુર થયેલા પેટા કાયદામાં કાર્યક્ષેત્ર નક્કી કરવામાં આવે છે. અને સદર કાર્યક્ષેત્રના દૂધ ઉત્પાદક સભાસદો પાસેથી દૂધ એકત્ર કરી,પ્રોસેસીંગ માટે જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને મોકલવામાં આવે છે. કેટલીક જગ્યાએ સૂચિત મંડળી/દૂધ કેન્દ્ર દ્વારા દૂધ એકત્ર થાય છે. સામાન્ય રીતે મંડળી/સૂચિત મંડળી/દૂધ કેન્દ્રના કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો પાસે દૂધાળા પશુઓની સંખ્યા, તે પૈકી દૂધ આપતા પશુઓની સંખ્યાની સરખામણીમાં મંડળીમાં દૂધનો જથ્થો ભરાવો જોઇએ, પરંતુ અનુભવે એવું જણાયું છે કે, સંઘના કાર્યક્ષેત્રની કેટલીક દૂધ મંડળીઓમાં, સૂચિત મંડળી/દૂધ કેન્દ્રમાં કોઇ ચોક્કસ સમયગાળામાં કાર્યક્ષેત્રમાંથી એકત્ર થતાં દૂધનો જથ્થો અસાધારણ રીતે એકાએક વધી જાય છે. અને તે મુજબ દૂધ સંઘ તરફથી દૂધ મંડળીને/સૂચિત મંડળી/દૂધ કેન્દ્રને નાણાં પણ ચૂકવવામાં આવે છે. આ પ્રમાણે અસાધારણ પ્રમાણમાં એકાએક દૂધનો જથ્થો કઇ રીતે વધ્યો તે બાબતે અત્રેના અન્વેષક અગર તો દૂધ સંઘના સુપરવાઇઝર દ્વારા ક્યારેય પૃચ્છા કરવામાં આવતી નથી. કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદક પાસે દૂધાળા ઢોરની સરખામણીએ અસાધારણ પ્રમાણમાં એકાએક દૂધનો જથ્થો વધી જાય તે આશ્ચર્યજનક બાબત છે, અને તે કાળજીપૂર્વકની ઉંડી ચકાસણી માંગી લે તેવો વિષય છે.

આથી મિલ્ક ઓડીટ સાથે સંકળાયેલ તમામ સ્પે.ઓડીટરશ્રી/ઓડીટરશ્રી/સબ ઓડીટરશ્રીઓને આ બાબતે વાકેફ કરવામાં આવે છે કે જ્યારે પણ કોઇ દૂધ ઉત્પાદક સહકારી મંડળી/ સૂચિત દૂધ મંડળી/સંઘના દૂધ કેન્દ્રમાં તેના કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો પાસે દૂધાળા પશુઓની સરખામણીએ કોઇ ચોક્કસ સમયગાળામાં અગર તો કાયમી ધોરણે દૂધનો જથ્થો એકાએક વધી જાય અગર તો કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો પાસેના દૂધાળા ઢોરની સંખ્યાની સરખામણીએ એકત્ર થતો દૂધનો જથ્થો સુસંગત/સમપ્રમાણ

સ્પેશ્યલ ઓડીટર
મિલ્ક ઓડીટ ઓફીસ ગોધરા.
શાખા
આવક રજી. નં. ૨૫૭૨
તા. ૨૦/૭/૧૫

જણાતો ન હોય, તર્ક સંગત જણાતો ન હોય તેવી બાબત ધ્યાન પર આવે તો આ બાબતે ઉંડાણપૂર્વકની ચકાસણી કરવી, જેમકે દૂધનો જથ્થો રેકર્ડ ઉપર કયા દૂધ ઉત્પાદકોના નામે છે, આ દૂધ ઉત્પાદકો દૂધાળા ઢોર ધરાવે છે કે કેમ, જો હા તો તેની સંખ્યા, ત્યારબાદ સંઘમાં આ દૂધનો જથ્થો જમા કરાવ્યા પછી સંઘ દ્વારા સંબંધિત દૂધ મંડળી/ સૂચિત મંડળી/દૂધ કેન્દ્રને ક્યા દરે કેટલી રકમની ચુકવણી થયેલ છે અને ત્યારબાદ આ રકમ ક્યા દૂધ ઉત્પાદકને રોકડેથી/ચેકથી/ડ્રાફ્ટથી/અન્ય રીતે ચુકવવામાં આવી છે, તેની સ્પષ્ટ વિગતો મેળવી, આ ગંભીર પ્રકારની અનિયમિતતા બાબતે સહકારી કાયદાની કઇ જોગવાઇ હેઠળ પગલાં ભરી શકાય તેમ છે. તેનો ધોરણસરના નિયત નમૂનામાં ખાસ અહેવાલ રજુ કરવો તેમજ આ બાબતે ફ્રોડ, નાણાંકીય ઉચાપત, જેવી ગંભીર નાણાંકીય અનિયમિતતા જણાય તો ભારતીય ફોજદારી ધારાની આનુસંગિક જોગવાઇ હેઠળ ફોજદારી કાર્યવાહી માટેનો ખાસ અહેવાલ રજુ કરવો. તેમજ આ ગંભીર અનિયમિતતામાં સંડોવાયેલા તમામ જવાબદારોના નામ, સરનામા, હોદ્દા સાથેની સંપૂર્ણ વિગતો રજુ કરવી. આ ગંભીર અનિયમિતતામાં સીધી રીતે સંડોવાયેલા તમામ જવાબદારોની યાદી તથા જેમની ગુનાહિત મદદગારી સંકળાયેલી હોય તે તમામની યાદી રજુ કરવી અને ક્યા પ્રકારે આ ગંભીર અનિયમિતતા થયેલ છે તેની સ્પષ્ટ વિગતો જરૂરી આધારપુરાવા અને કારણો સાથે રજુ કરવી.મંડળી/સૂચિત મંડળી/દૂધ કેન્દ્રના કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો પાસે દૂધાળા ઢોરની સંખ્યા બાબતે તલાટી/ગ્રામસેવક/પશુપાલન ખાતા પાસેના આંકડાને આધારભૂત ગણવા તેમજ અન્ય રીતે ભૌતિક ચકાસણી પણ કરવી. વધુમાં અન્વેષકોના ધ્યાન ઉપર એ બાબત પણ મૂકવામાં આવે છે કે જે તે અન્વેષકના ધ્યાન ઉપર અન્વેષણ દરમ્યાન આવી ગંભીર અનિયમિતતા ધ્યાને આવે તો સહકારી કાયદાની કલમ-૮૬ હેઠળની ચોક્સી, કલમ-૮૭,૮૮ હેઠળની તપાસણી સૂચિત કરવાના બદલે સંબંધિત અન્વેષકે જાતે જ ઉંડાણપૂર્વકની ચકાસણી કરીને અન્વેષણ કામગીરી પૂર્ણ કરી, સક્ષમ સત્તાધિકારી સક્ષમ ખાસ અહેવાલ રજુ કરવો, અન્યથા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવશે.

સંબંધિત જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓને પણ જણાવવામાં આવે છે કે મિલ્ક ઓડીટની સમીક્ષા અંગેની સંકલન બેઠક, એકસૂત્રતા બેઠકમાં એજન્ડામાં આ મુદ્દો અવશ્યપણે લઇ ચર્ચા-પરામર્શ કરવો. જેથી આ બાબતે સતર્કતા રહે તેમજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ઇન્સપેક્શન/મુલાકાત દરમ્યાન પણ આ મુદ્દા પરત્વે ચકાસણી કરી જરૂર જણાયે સંબંધિત સ્પે. ઓડીટરશ્રી (મિલ્ક ઓડીટ) ના ધ્યાને આ બાબત મૂકવી.

આ પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવા તેમજ આપના જિલ્લાના તમામ સ્પે.ઓડીટરશ્રી/ઓડીટરશ્રી/સબ ઓડીટરશ્રીઓને પરિપત્રિત કરી, તેમની સહી મેળવીને રેકર્ડ ઉપર આધાર રાખવો.

આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

( કૌશિક જોષી )
મુખ્ય કાર્યપાલક અધિકારી,
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકાર ખાતું, ગુ.રા. અમદાવાદ

પ્રતિ,

(૧) સ્પે.ઓડીટરશ્રી, (મિલ્ક ઓડીટ) મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ (આપના તાબાના કર્મચારીઓને પરિપત્રીત કરી, ચૂસ્તપણે અમલ કરવા સારૂ.)

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ તમામ. (જાણ તેમજ મિલ્ક ઓડીટની સંકલન બેઠક તથા એકસૂત્રતા બેઠકમાં ચર્ચા-પરામર્શ સારૂ.)

(૩) કચેરીના તમામ અધિકારીઓ અને શાખાવડાશ્રીઓ.

<u>નકલ સાદર રવાના:-</u>

(૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) પ્રમુખશ્રી, ગુજરાત સહકારી ટ્રિબ્યુનલ, અમદાવાદ.

(૪) સંયુક્ત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, તમામ.

(૫) અધિક રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સહકારી મંડળીઓ, રાજકોટ

(૬) સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદ/વડોદરા.

(૭) ખાંડ નિયામકશ્રી, ગાંધીનગર.

(૮) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વાણીજ્ય), વડી કચેરી, ગાંધીનગર

(૯) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વહીવટ), વડી કચેરી, ગાંધીનગર (વેબ સાઇટ ઉપર મૂકવા વિનંતી સહ)

(૧૦) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ), વડી કચેરી, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ.(જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે વ્યવસ્થા ગોઠવવા સારૂ)

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (તમામ) (જાણ તેમજ જરૂરી સુપરવીઝન અર્થે)